સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

સ્થાપન પછી વંદન અભિનંદને વરાય છે,
પછી તેમણે અવનવા અન્નકૂટ ધરાય છે,
કરાય વિસર્જન ખાડા-ખાબોચિયામાં કેનથી -
ગણેશને મુખ્યમંત્રીના આવા હાલ કરાય છે

હાઈકુ

પૂછતું નથી -
પૂજાતા'તા મંડપે -
એમને કોઈ !!

ફરે છે ચક
સત્તાના વારાઢારા
કર્મ-ગ્રહોનું

ચિંતન

જીવ મુખ્ય પ્રાણલિંગોન્નતિ યેન્નોપાસત્રૈ
વિધાદાશ્રિતત્વાદિહ તદ્યોગાત્ ॥

ઉપરોક્ત શ્લોક આત્મદર્શનમાંથી લેવામાં આવેલ છે.

પ્રાણ શબ્દનો પ્રયોગ પરબ્રહ્મ પરમાત્માને માટે જ થયેલો છે. એમાં તલ માત્ર પણ સંદેહ નથી. એ નિશ્ચિત અભિપ્રાય ને આગળ વધારતાં આ સૂત્રમાં સમજાવવામાં આવે છે કે કૌષિતકી ઉપનિષદમાં જીવ તથા પ્રાણના લક્ષણો બતાવવામાં આવ્યા છે તે સાચું છે. પરંતુ એટલા માટે જ પ્રાણ શબ્દ પરમાત્માને માટે નથી વપરાયો એવું માનવું બરાબર નથી. કારણ કે એ પ્રકારની પરિસ્થિતિમાં પરમાત્મા ઉપરાંત જીવ તથા પ્રાણને પણ ઉપાસ્ય માનવા પડે અને ત્રિવિધ ઉપાસનાનો દોષ ઊભો થાય. જીવ તથા પ્રાર્થના ધર્મો પરમાત્માના પરિપૂર્ણ વિશાળ ધર્મોમાં સમાઈ જતા હોવાથી પરમાત્માના વર્ણનમાં એ ધર્મો આવી શકે છે. ત્યાં લોકાધિપતિ તથા લોકપાલ કહીને પરમાત્માનું જ વર્ણન કરેલું છે. એટલે પ્રાણ શબ્દ પરમાત્માનો જ પ્રતીક છે, બીજા કશાનો નથી એ વાત સહજ રીતે સિદ્ધ થાય છે.

સુવિચાર

- ખુશિયાં કા કોઈ રાસ્તા નહીં... ખુશ રહના હી રાસ્તા હૈ...!! - **અમૃતબિંદુ**
- અંતરની એકાગ્રતા સધાઈ જાય તો બહારની ગતિવિધિ બાધારુપ બનતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જગતની કોઈ સમસ્યા એવી નથી કે ઈચ્છા અને શ્રદ્ધા હોય તો ઉકલી ન શકે - **હરકિશન મહેતા**
- શુદ્ધ સોનાને ભઠ્ઠીનો ડર નથી - **જીવન પાથેય**
- દુ:ખમાંય માણસે સુખ શોધવું જ રહ્યું - **પૂજ્ય મોટા**
- સમય તો માત્ર સમય ઉપર જ બદલાય છે પણ માણસ તો કોઈ પણ સમયે બદલાઈ જાય છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : એલચીને ખાંડીને પાઉડર લમણામાં લગાવવાથી માથાનો દુ:ખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સદ્‌ગુરુએ પોતાના એક શિષ્યને પૂછ્યું 'જયારે આપણે ઈશ્વર, પરમેશ્વર, ભગવાન ઈત્યાદિ સંબોધન કરીએ છીએ ત્યારે આપણા મનમાં ઈશ્વર વિશે શું ધારણા હોય છે ?' શિષ્ય પાસે ગુરુના સવાલનો જવાબ ન હતો. શરમથી માથું નીચું કરીને એ ચુપ રહ્યો. ગુરુએ બીજીવાર પૂછ્યું, પણ શિષ્ય ચુપ!! ત્રીજીવાર પૂછ્યું તો શિષ્ય રડવા લાગ્યો. એને રડતો જોઈને ઊંચા અવાજે પૂછ્યું, 'તું બોલતો કેમ નથી કે તું જયારે ઈશ્વરને સંબોધે છે ત્યારે તારાં મનમાં શું ધારણા હોય છે?' અને શિષ્ય બોલ્યો, 'ગુરુદેવ, મેં ઈશ્વરને કદી જોયા નથી, એમના વિશે કશું જાણતો નથી. તો શું જવાબ આપું?' સાંભળીને ગુરુ હસવા લાગ્યા. પછી શિષ્યના ખભે હાથ રાખીને કહ્યું, 'તો તુ સું સમજે છે કે હું ઈશ્વરને જાણું છું? અરે, ઈશ્વરને નથી કોઈએ જોયા કે નથી જાણ્યા ! છતાં આપણે સૌ એને સંબોધીએ છીએ.'

ઈશ્વર, ગોડ, ભગવાન... સંબોધન અનેક !! 'ઈશ્વર' એક પ્રશ્નાર્થ ચિહ્ન છે. એ કોઈ જાણવાની, સમજવાની કે જ્ઞાનપ્રાપ્તિની બાબત નથી. શબ્દો, સંબોધનો જયારે અલોપ થઈ જાય છે ત્યારે મૌન પ્રવર્તે છે. મૌન સાધવાથી, જે અનુભૂતિ થાય છે એ જ ઈશ્વરીય અનુભૂતિ છે.

વિશ્વ વિક્રમ એ મોદીનો સ્વભાવ છે

તંત્રીસ્થાનેથી...

વિશ્વ વિક્રમ બનાવવા એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સ્વભાવ છે, એમણે કયારેય 'નંબર ટુ' પોઝિશન સ્વીકારી નથી, કયારેય હારવાનું તો સપનું સુધ્ધાં નહીં આવ્યું હોય એમને. એમણે પડકારોને તકો ગણીને ઝીલ્યા છે. રાજકીય ક્ષેત્રે લાંબા સમય સુધી ટકી રહેવું ઘણું અઘરું છે. દસકો તો બહુ થઈ ગયો. પણ એમાં પંડિત જવાહરલાલ નહેરુ, ઈંદિરા ગાંધી અને જયલલિતા જેવા જૂજ અપવાદો પણ પ્રવર્તે છે. મમતા બેનરજી પણ એવા જ એક અપવાદનું ઉદાહરણ છે. જયોતિ બસુ અને નવીન પટનાયકને પણ એ શ્રેણીમાં જરૂર યાદ કરવા પડે. પરંતુ નરેન્દ્ર મોદી પેરાશૂટની જેમ બારોબાર દિલ્હીથી ગાંધીનગર ઊતરી આવ્યા ત્યારે ભાગ્યે જ કોઈને કલ્પના હશે કે આ નવોસવો નેતા વૈશ્વિક રાજકારણમાં એક અમીટ છાપ ઊભી કરી શકશે. ત્યારે અહીં તો પાટીદાર અને ક્ષત્રિય જૂથો વચ્ચે જ સત્તાની સાઠમારી રહ્યા કરતી હતી. મોદી તો સાવ નગણ્ય જાતિના પ્રતિનિધિ હતા. એ કોઈ સોલંકી, વાઘેલા કે પટેલ નહોતા કે નહોતા પરંપરાથી માન્ય બ્રહ્મ દેવતા - ભૂદેવ કે વણિક, એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં આ અદના ગુજ્જુએ આજે વૈશ્વિક નેતાઓની હરોળમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે, તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. મોદીએ કેટલાક અપ્રિય લાગે એવા નિર્ણયો લીધા અને ટીકાન ભોગ પણ બન્યા. નાણાં બદલી, જીએસટી અને ખેડૂત કાયદાઓ વિરુદ્ધ ઘણી ચળવળો ચાલતી રહી છે. મોદી એક વાર નિર્ણય કરે એ પછી તેને બદલવા તૈયાર થયા નથી, ભલે સામે ગમે તેટલો વિરોધ થતો રહે. એમણે કોરોના મુદ્દે પ્રારંભિક તબક્કે વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો હતો. વૈશ્વિક ટ્રેજેડીને પણ એમણે પોતાની પ્રકૃતિ મુજબ ઉત્સવમાં ફેરવવાનો પ્રયાસ કર્યો હતો. કોરોના સામે લોકડાઉન નાખવાનો નિર્ણય આકરો હતો એટલે એમણે ઉતાવળ કરી ત્યાંથી લઈ વેળાસર લોકડાઉન ન નાખ્યું ત્યાં સુધીની ચર્ચા ચાલતી રહી. રસીકરણ મુદ્દે ભારત કયાં હતું ? સૌ જાણે છે. મોદીએ અનેક પ્રકારની ટીકાઓ વ્યચે રસીક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રયત્નો આદર્યા જેનું પરિણામ અને ચરમસીમા આજે આપણે નિહાળી રહ્યા છીએ. વડાપ્રધાનને જન્મદિવસની ભેટ સ્વરુપે દેશમાં એક જ દિવસે ૨, ૨૫૦૦૧૧૪ ડોઝ અપાય છે - જે દર મિનેટે ૪૨૦૦૦ થી વધુ થવા જાય છે. રસી મુદ્દે ઊભા કરાયેલા વિપક્ષી હોબાળાનો આથી મોટો જવાબ કયો હોઈ શકે ? ભારતે રસીકરણમાં સ્વનિર્ભર બનવા ઉપરાંત વિશ્વવિક્રમ સર્જીને વડાપ્રધાનનું ગૌરવ વધાર્યું છે. વડાપ્રધાનના જન્મદિવસે જન્મસ્થળ વડનગરથી લઈ વારાણસી સુધીનાં મંદિરોમાં મહાઆરતી યોજાઈ હતી. ગરીબોના બેલી તરીકેની ઈમેજ ઊભી કરવા કૃતસંકલ્પ નરેન્દ્ર મોદી ઉદ્યોગપતિઓને પણ ખીસામાં લઈને ફરે છે. ભારત જેવા દેશ પ્રત્યે આખી દુનિયાનું આટલું ધ્યાન માત્ર મોદીશાસન દરમિયન જ ખેંચાયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. વિશ્વમાં સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી પાર્ટીની આ સર્વોચ્ચ નેતા સામે પક્ષનાં સર્વસંમતિ પ્રવર્તે છે એની પણ નોંધ લેવી જ રહી. સામાન્ય રીતે રાજકીય પક્ષોમાં સત્તાનાં ગૌણ કેન્દ્રો સક્રિય થઈ લાંબે ગાળે મુખ્ય નેતૃત્વ સામે પડકાર ઊભો કરતાં હોય છે. મોદી વિરુદ્ધ આગામી પાંચ વર્ષ સુધી એવો કોઈ પડકાર સરજાય એવી કોઈ જ શક્યતા વરતાતી નથી. વિપક્ષોની જેમ એમણે પક્ષના નેતાઓને પણ કદ મુજબ વેતરી નખીને પોતાનું સર્વોપરિપણું સિદ્ધ કર્યું છે. અફઘાનિસ્તાન મુદ્દે પણ એમણે શાંઘાઈ સંગઠનમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવા જેવું કહી જ દીધું છે. વિશ્વમાં ત્રાસવાદ સામે લડત આપવાની હશે ત્યારે અમેરિકાએ પણ ભારતની મદદ લેવી પડશે એ નક્કી છે.

શ્રદ્ધા કદાચ માણસને તારે પણ અંધશ્રદ્ધાતો નક્કી ડૂબાડે!

આરપાર

રાઘવજી માધડ

એક સ્કૂલની વિઝિટે જવાનું થયું હતું. ત્યાં સ્કૂલના મેદાનમાં એક મોટું વૃક્ષ હતું.વૃક્ષના થડ પાસે તાજું સિંદૂર ચોપડેલો મોટો પથ્થર ખોડેલો હતો.આગળ થોડી અગરબતીઓ સળગાવેલી હતી.તે જોઈ મને આશ્ચર્ય થયું હતું.આચાર્યને પૂછ્યું હતું: 'આ બધું શું છે,સ્કૂલના મેદાનમાં!?લ્તેઓએ સંકોચ સાથે થોથરાતા સ્વરે જવાબ આપ્યો હતો: 'સ્કૂલ ફરતે કમ્પાઉન્ડ વોલ નથી.રાતના સમયે અમુક લોકો અહીં જાજરૂ કરી જાય છે.લ્પ્રતિપ્રશ્ન હતો: 'પણ તેને આ સિંદુરીયા પથ્થર સાથે શું લેવાદેવા!?'તો ખોંખારીને કહે: 'છે લેવા દેવા ..અહીં થડ પાસે વૃક્ષના મૂળ અંદરથી ફૂટ્યા...તે જોઈ વિદ્યાર્થીઓને નવાઈ લાગી.વાત ચમત્કારમાં ફેરવાઈ ગઈ. તે તક જાણી જોઈ અમે આ પથ્થર ખોડી દીધો!' પછી કહે: 'હવે મેદાન બગાડવા કોઈ આવતું નથી !' આ ઘટનાને વરસો થયા, હજુપણ મનમાં અકબંધ પડી છે. આ આખી ઘટના, હકીકતને કેવી રીતે જોઈશું, ક્યા માપદંડથી મૂલવીશું ? આપણે ભયથી ભગવાનને ભજીએ છીએ કે ભયથી ભાગીએ છીએ... નક્કી કરવું મુશ્કેલ થઇ પડે છે. હા,કોઈ એકલદોકલ કિસ્સો સમગ્રપણે લાગુ ન પાડી શકાય છે. પણ જ્યાં શ્રદ્ધાની અંબાડી પર અંધશ્રદ્ધા સવાર થાય ત્યારે ભારે અનર્થ સર્જાતો હોય છે. શ્રદ્ધા કોઈને તારે કે જીવાડે તેની વોરંટી હશે પણ ગેરંટી નથી. હા, અંધશ્રદ્ધા ડૂબાડે તેને ગેરંટીવાળું ગણવામાં જરાય હરકત સરીખું નથી.

વળી થાય કે શ્રદ્ધા એટલે શું? સમજાવવું અઘરું છે.આપણા મૃત સ્વજનની તસવીર ખરેખરતો સ્થૂળ,નિર્જીવ કાચ,કાગળનો પદાર્થ છે. છતાં પણ તસવીરનું કોઈ પ્રકારે અપમાન થાય એવી પ્રવૃત્તિ આપણે કરતા,આચરતા નથી. કારણ કે તેમાં આપણી લાગણી જોડાયેલી હોય છે. લાગણી એ શ્રદ્ધાનું એક રૂપ છે. શ્રદ્ધા મનોબળ પૂરું પાડે છે. શ્રદ્ધા વગરનું જીવન નાવિક વગરની નાવ જેવું છે.પણ શ્રદ્ધા જયારે માં જ્યા,સમજ્યા વગર મેલી થાય, આંધળુકિયા અનુકરણમાં ખરડાય છે ત્યારે અંધશ્રદ્ધાનું રૂપ ધારણ કરે છે.

આજે સર્જનકર્તાનું વિસર્જન થવામાં છે. સૌ પ્રથમ આ તહેવાર ૧૯૮૯માં સંસ્કૃત્તિ ને રાષ્ટ્રવાદને પ્રોત્સાહન આપવા માટે પુણેમાં ઉજવાયો હતો.મરાઠા સામ્રાજ્યના સ્થાપક શિવાજી મહારાજના શાસન દરમિયાન પૂણેમાં જાહેર તહેવારની નોંધ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સુધારક બાલ ગંગાધર તિલક એ આ તહેવાર દેશને નવા રૂપથી ઉજવતા શીખવ્યો.તેમને આ તહે વાર તે સમયમાં પૂજા નિમિતે અનેક સ્વાતંત્ર્યસેનાની તેમાં જોડાય અને આઝાદીની લડત શરુ કે તે ઉદેશ્ય હતો...તેમ બન્યું હતું. તેમજ ત્યારે લોકો માટી દ્વારા ગણેશજીની મૂર્તિ બનાવતા અને ફૂલ તેમજ વનસ્પતિના રંગોથી તેમનો શણગાર કરવામાં આવતો હતો. જેમાં પર્યાવરણને ક્યાંય નુકશાન થતું નહોતું.

પણ આજે સ્થિતિ,માહોલ બદલાયો છે. ઉત્સવમાં ઓતપ્રોત થવું તે આપણા સ્વભાવ છે. કોઈ ધાર્મિક કે સામાજિક સવારીનો સમૂહ નીકળે છે ત્યારે લગભગ રોડ,રસ્તો કબજાગ્રસ્ત થઇ જતો હોય છે.તેમાં રાહ ધારીઓ ઠીક ક્યારેક એમ્બ્યુલન્સવાન પણ અટવાઇ જાય...ને દર્દીનો જીવ મુઠ્ઠીમાં આવી જાય. વળી ક્યાંક ઊંડા પાણીમાં વિસર્જન કરતી વેળાએ માણસો ડૂબી જવાના ગોઝારા બને છે... તેનાથી આપણે અજાણ નથી. આપણી શ્રદ્ધા,માન્યતા કે ધાર્મિક ઉજવણી માટે સ્વતંત્ર છીએ. પણ સમય બદલાયો છે.બદલાયા વગરનો વિકલ્પ નથી.તિલકે આ ઉત્સવને દેશની સ્વતંત્રતા સાથે જોડી નવું રૂપ આપ્યું હતું.આપણે પણ આવું નવું વિચારવું જોઈએ. કારણ કે કોઈ પ્રકારે નુકશાનકર્તા નીવડે એ ક્યારેય પોસાય કે ભરપાઈ થાય એવું નથી. એ સ્કૂલે લોકો દ્વારા થતી ગંદકી દૂર કરવા ચમત્કારનું શરણું લઈ પથ્થર ખોડી દીધો... ને ગંદકી અટકી પણ ગઈ ! રુગ્ણ સમાજની માનસિકતાની દયા ખાવા સિવાય બીજું કાંઈ સુઝે નહીં.પણ આ બનાવને ત્રણેક દાયકા જેવો સમય થયો. છતાંય આજે કયાંક કોઈ ધોરી માર્ગ પર સિંદુરીયા પથ્થરની અડચણ ઉભી થવા, કર્યાના દ્રશ્યો જોવા મળે ત્યારે કોઈ એકલદોકલની આવી આસ્થા અનેકને મુશ્કેલીમાં મૂકતી હોય છે.

એરિયા બેઈઝ ઉત્સવના ઉત્સાહમાં આવી જઈ પોતીકી શ્રદ્ધા, માન્યતા, ધાર્મિકતા...ને સર્વલોકની કે સાર્વજનિક સમજવાની ભૂલ હવે આ બદલાતા સમયમાં કોઈને પોસાય કે પરવડે એવી નથી.

છેલ્લે :

ભીડમાં દરેક માણસ સારો નથી હોતો ને સારા માણસની ભીડ નથી હોતી !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

ગુજરાતના નવા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને એક પત્ર

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ,

ગુજરાતની ગૌરવવંતી ધરાના અધિપતિ બનવા માટે સૌ પ્રથમ આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હવે છ કરોડની જનતાની આશાભરી નજર આપના કાર્ય પર મંડાયેલી રહેશે. ખરેખર સત્ય લખું તો આ પત્ર પહેલા હું માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને લખવાનો હતો કેમ કે ગુજરાતમાં એક તરફ ચૂંટણીઓ નજીક આવી રહી છે અને બીજી તરફ એક બે નવા પક્ષો ગુજરાતમાં પ્રજાને જોઈતા " નવા વિકલ્પ "નો લાભ લેવા સક્રિય બન્યા છે. અને ગુજરાતમાં ભાજપાની રાજકીય સ્થિતિનો ગ્રાફ દિવસે દિવસે નીચે ઊતરતો જતો હતો. હું સંપૂર્ણ રીતે રાષ્ટ્રવાદમાં માનું છું. અને આજની સ્થિતિમાં ભાજપા એકમાત્ર પક્ષ રાષ્ટ્રવાદ માટે જીવતો પક્ષ છે. પરંતુ ગુજરાતની સ્થિતિ જરા જૂદી છે. કેન્દ્રમાં મોદીસાહેબે પોતાના કામથી આખી દુનિયાને જીતી લીધી છે. તેથી ત્યાં ૨૦૨૪માં ત્રીજી વખત મોદી સાહેબ સંપૂર્ણ બહૂમતિથી આવવાના જ છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી. પરંતુ મને ચિંતા ગુજરાતની છે. કેમ કે અહીંથી મોદી સાહેબ ગયા પછી સરકારે એવા કોઈ ચમત્કારિક કામ કર્યા નથી કે જેના થકી પ્રજા સંપૂર્ણ બહૂમતિ આપે. વળી માનનીય શ્રી રૂપાણી સાહેબ અત્યંત સજ્જન વ્યક્તિ હતા. તેથી તેઓ સરળતાથી-સહજતાથી સરકાર ચલાવતા હતા. પણ કહેવાય છે ને કે જ્યારે વિરોધીઓ વધારે હોય અને તેમની તાકાત વધતી જાય ત્યારે રામ નહી કૃષ્ણ થવું પડે છે. શ્રી રૂપાણીસાહેબ શાંતિથી ગુજરાતમાં રામરાજ્ય સ્થાપવા ઈચ્છતા હતા અને તેમના આ સારા સ્વભાવનો લાભ લઈને વિરોધીઓ પોતાની તાકાત વધારતા હતા. અને પ્રજા પણ મોદી સાહેબ જેવી કામગીરી અહીંયા ઈચ્છે છે. પ્રજાની નજરે અહીયા પણ અનેક રાવણો, કંસો, દુ:શાસનો, શિશુપાલો, કુંભકર્ણો છે. એ બધાનો નાશ થાય. પરંતુ અત્યાર સુધી માત્ર વાર્તાલાપો, જાહેરાતો અને યોજનાઓ થતી રહી હતી, કોઈ નક્કર કાર્ય થયું જ નથી કે જેનાથી પ્રજા પ્રભાવિત થાય.

હે માનનીય મુખ્યમંત્રીશ્રી, હું આપને ઓળખતો નથી. પણ ટી.વી.પરથી જાણ્યું કે આપ સ્વચ્છ પ્રતિભા ધરાવો છો. પાટીદાર છો, સાહસિક છો, મુત્સદી છો, અને સૌમાં લોકપ્રિય પણ છો, તેથી ગુજરાતનું આગામી મહાભારતનું યુદ્ધ જીતવા માટે મોદીસાહેબે આપને પસંદ કર્યા છે. તો આપનામાં કંઈક તો એવું સામર્થ્ય હશે જ. તેથી સહેજ પણ ચિંતા કર્યા વિના પ્રજાહિતમાં ગમે તેવા કઠિન નિર્ણયો લેશો એવી સૌની અપેક્ષા છે. પ્રજાહિત અને રાષ્ટ્રહિતથી સર્વોપરી કોઈ નથી. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીઓમાં શ્રી ન.મો. લોકપ્રિયતાને કારણે કેન્દ્રમાં ચૂંટાયા હતા એ સાચું પણ ૨૦૧૯માં તેઓ એમના રાષ્ટ્રહિતના કઠિન નિર્ણયો અને કામથી – એટલે કે સંપૂર્ણ મેરિટથી ચૂંટાયા હતા. અને ૨૦૨૪માં પણ મેરિટથી ચૂંટાશે જ. હવે તમારી પાસે સમય ઓછો છે. આવતા વર્ષે ગુજરાતમાં ચૂંટણીઓ આવી રહી છે. સાવ સાચું કહું તો પ્રજા ઘણા સમયથી ગુજરાતમાં ત્રીજો વિકલ્પ શોધી રહી છે. પ્રજા કોંગ્રેસને ઈચ્છતી નથી. છેલ્લા ૨૪-૨૫ વર્ષથી ગુજરાતમાં ભાજપા સતા સ્થાને છે. અને એમાય મોદી સાહેબ દિલ્હી ગયા પછી તો ગુજરાતમાં ભાજપાની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે જ ઉતરતો રહ્યો છે. અનેક નાની મોટી સમસ્યાઓ વણઉકેલી છે. ઘણા કામો થઈ શકે એવા છે પણ થયા નથી. ગુજરાતના ચાણક્ય અને ચન્દ્રગુપ્ત દિલ્હી જઈને દેશને સંભાળે છે. તેથી હવે તમારે એ વારસો સંભાળવાનો આવ્યો છે. બાકી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીઓના પરિણામો આપ જાણો જ છો. જો થોડી સીટો ઈધર ઉધર થઈ ગઈ હોત તો આજે અહીં કોંગ્રેસ હોત... અને હવે જો કોંગ્રેસ અને આમઆદમીપાર્ટી મળી ગયા તો ભાજપાને મુશ્કેલી પડી શકે છે. કેમ કે પ્રજા મોદી સાહેબ ગયા ત્યારથી અહીંયા સારો ત્રીજો વિકલ્પ ઈચ્છી રહી છે. પણ મળતો નથી. કદાચ શ્રી રૂપાણીસાહેબને અને ઉપર મોવડીમંડળને આ વાતનો અંદાજો આવી ગયો હશે. એટલે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈને રૂપાણી સાહેબે ખૂબ જ આદરભાવથી, સજ્જનતાથી રાજ્ય અને પ્રજાના હિત માટે ખુરશી ખાલી કરી આપી ને પ્રજાની ઈચ્છા મુજબ આપના રૂપમાં ત્રીજો વિકલ્પ પ્રજાની સામે મૂકી આપ્યો છે. આપના સહિત કોઈએ પણ કદાચ કલ્પના નહોતી કરી કે આપ ગુજરાતના મુખ્યમંત્રી બનશો. તેથી પ્રજાની સામે અચાનક આપ ત્રીજા અને નવા વિકલ્પ તરીકે આવ્યા છો તો આ એક વર્ષ તમારે મેટ્રો નહી બૂલેટ ટ્રેનની ગતિએ કામગીરી કરવી પડશે તો જ ધાર્યું કામ પાર પડશે.

હું પ્રજા, પત્રકાર અને સર્જક તરીકે હંમેશાં મોદીસાહેબનો ચાહક, પ્રસંશક રહ્યો છું. અને તેથી જ આટલું સત્ય લખી રહ્યો છું કે ૨૦૨૨ની ચૂંટણીઓમાં પ્રજાનો મૂડ કંઈક જૂદો ના બને એનું ખાસ ધ્યાન રાખશો. અગાઉના વર્ષોમાં અનેક નિર્ણયો, કાર્યો એવા થયા છે, પરિસ્થિતિ એવી બની છે કે જેનાથી પ્રજા નારાજ છે. જે ડેમેજ તમારે ઠીક કરવું પડશે. આ ઉપરાંત પ્રજા તરીકે મારી પાસે એવા ઘણા સત્યો ને તથ્યો છે જેનો અમલ કરવાથી પ્રજા આપણી તરફ પાછી વળી શકે છે પણ એ સત્યો ને તથ્યો જાહેરમાં લખી શકાય એવા નથી. આપની સાથે કદી રૂબરૂ મુલાકાત થશે તો માત્ર આપને જ એ સત્ય ને તથ્ય કહીશ કે છ કરોડની જનતા શું ઈચ્છે છે ? એ શા માટે વિકલ્પ શોધે છે ? આપના માટે આ એક વર્ષનો સમય ટી-ટ્વેન્ટી વર્લ્ડકપની ફાઈનલ મેચની છેલ્લી ઓવર જેવો છે. જેમાં છ બૉલ બાકી છે અને છત્રીસ રન કરવાના છે તેથી હવે છ એ છ બૉલમાં છ છક્કા મારવા જરૂરી છે. તો જ ૨૦૨૨ની મેચ જીતી શકાય એમ છે. અને શ્રી મોદીસાહેબ તથા શ્રી અમિત શાહે આપને કદાચ એટલે જ પસંદ કર્યા છે કે જીવ, અને મારો છક્કા. અને જીતો મેચ. વળી તમને તમારી સરકાર માટે ૧૧ ને બદલે ૨૨ ખેલાડીઓ પણ નવ આપ્યા છે. જેથી તમને સરખી રીતે કામ કરવા દે. જો આગામી ચૂંટણીઓમાં ત્રણ સ્તરે ટીમ એ, બી અને સી – બનાવીને યોજનાબદ્ધ રીતે સિસ્ટમથી કામગીરી થશે તો સારું પરિણામ મળશે જ. અને ઘણી વખત નવા બનેલા ઘરની દીવાલોને એની અંદર રહેલી ઊધઈ જ ખોખલી કરી નાખતી હોય છે તેથી આ ઊધઈની પણ દવા થવી જોઈએ. રાજનીતિમાં ક્યારેક હાર થતી હોય છે પણ કાર્યનીતિની ક્યારેય હાર થતી નથી. તેથી રાજનીતિ જેણે કરવી હોય તે કરે તમે કાર્યનીતિ ઉપર ધ્યાન આપશો એવી પ્રજાની અપેક્ષા છે.

સત્તા અને સંપતિમાં જો સેવા અને સમર્પણ ભાવ ઉમેરાય તો પ્રજા તરફથી સારા પરિણામો મળે છે. એકદમ શ્વેત વસ્ત્રોમાં એક કાળો ડાઘ આખા વસ્ત્રની શોભા બગાડી નાખે છે તેવું દરેક પક્ષો માટે પણ છે. આગામી ચૂંટણીઓમાં આ બાબત પણ ધ્યાને લેવા જેવી છે. હવે ૨૦૨૨ને ધ્યાને લઈને માસ્ટર પ્લાન બનાવવાનો સમય આવી ગયો છે. રાજ્યસ્તરથી લઈને ગ્રામ્યસ્તર સુધી નવી ઊર્જા, નવી ચેતના જન્માવવાની

અનુસંધાન પાના નં. ૭ પર

ગુજરાત સરકાર : ચહેરાઓ નવા, પડકારો જુના !

રઝળપાટ

અજય ઉપાધ્યાય

વિજયભાઈ હજુ તો "મારો વાંક શું ? મારો ગુનો શું ? " એવું પૂછે એ પહેલા તો ભાજપના મોવડીમંડળે ઓપરેશન ગુજરાત પાર પણ પાડી દીધું અને એ પછીના ત્રણેક દિવસ ગાંધીનગરમાં કોઈ સસ્પેન્સ ફિલ્મ જેવો માહોલ બની ગયો. ખાલી ગાંધીનગર જ નહીં પણ ગુજરાત અને સમગ્ર દેશની નજર ભાજપના આ પગલાં પર મડાઈ ચૂકી હતી. 'હવે શું ?' નો યક્ષપ્રશ્ન ચારેકોર પૂછતો રહેતો હતો અને મીડિયાથી માંડીને આમ-આદમી સુધી બધા જ પોતપોતાની રીતે તર્ક લગાવ્યે રાખતા હતા. પણ આ તો ભાજપ છે અને એમાં પણ મોદી-શાહ ની જોડી...! કે જે હમેશા કશુક નવું...કશુક સરપ્રાઈઝિંગ કરવા માટે પ્રખ્યાત છે. એટ્લે કોથળામાથી કશુક સરપ્રાઈઝિંગ નીકળશે એવી ઊંડે ઊંડે આશા હોવા છતાં પણ લગભગ દોઢેક વર્ષ પછી આવનારી વિધાનસભા ચૂંટણી અને એ પહેલા જ્ઞાતિઓના દબાવ જેમાં ખાસ કરીને પાટીદારો મુખ્ય હતા એવા સંજોગોમાં ભાજપ કોઈ જોખમી ખેલ નહીં જ ખેલે એવો વિશ્વાસ ટીવીના પરદે ડિબેટું માં ભાગ લેતા સો-કોલ્ડ રાજકીય વિશેષ્જ્ઞોથી લઈને પાનના ગલ્લે 'જોજો ને આમ જ થવાનું' કહેતા આમ ઈન્સાનો અને રાજકીય પ્રતિભાઓ સહિત બધાને હતો.

ઓલમોસ્ટ બધાને એમ જ લાગેલું કે ચૂંટણી નજીક છે એવામાં રૂપાણીનું રાજીનામું ભાજપ માટે મુશ્કેલી સર્જનારું સાબિત થવાનું. પણ આ તો ભાજપ છે, એમની પાસે પ્લાન તૈયાર જ હતો અને શનિવારે રૂપાણીના રાજીનામાં પછીના અંદાજે ચોવીસ કલાક પછી જેવુ ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્યમંત્રી તરીકે જાહેર થયું ત્યારે ભૂપેન્દ્રભાઈ સહિત આખાયે ગુજરાત-ભારતને એક જબરદસ્ત આંચકો લાગેલો. આંચકો એટલા માટે કે એક તો ભૂપેન્દ્રભાઈનું નામ બધા માટે અજાણ્યું હતું, બીજું કે રૂપાણી સરકારના નંબર-૨ અને દર વખતે મુખ્યમંત્રીની ગાડી ચૂકી જનાર નીતિનભાઈની ફરી એકવાર બાદબાકી કોઈને મગજમાં બેસતી નહોતી. એક વાત નક્કી હતી કે પાટીદારોને મનાવવા માટે નવો મુખ્યમંત્રી પાટીદાર જ હશે પણ એ ચોક્ઠામાં પણ સૌથી વધુ નીતિનભાઈ અને એના પછી રૂપાલા, માંડવિયાના નામો ફિટ બેસતા હતા એવામાં ભૂપેન્દ્રભાઈ જેવા પહેલી જ વખત ધારાસભ્ય બનેલા માણસનું નામ મુખ્યમંત્રીમાં આવ્યું એની પાછળનું ગણિત સમજવામાં રાજકીય પંડિતો ગોટે ચડી ગયા.

પણ હજુ આ લોકોને વધુ ગોટે ચડાવે એવી ફોર્મ્યુલા ભાજપ મોવડીમંડળ પાસે હતી અને એ ફોર્મ્યુલા તો રૂપાણીના રાજીનામાં કરતાં પણ વધુ આંચકાજનક હતી. મીડિયા અને રાજકીય વિશેષ્જ્ઞોના જાતજાતના તર્ક-વિતર્કો વચ્ચે ભાજપે વધુ એક સાહસિક કદમ ઉઠાવીને નો-રિપીટ થીયરી લાગુ કરવાનું મન મનાવી લીધું અને પરિણામે વિજયભાઈના આખાયે મંત્રીમંડળની જગ્યાએ નવા જ મંત્રીઓ આવશે એવા સમાચારો આવવા લાગ્યા. હેવી વેઈટ સિનિયરોની બાદબાકી એટ્લે ભયંકર અસંતોષ એવું સામાન્ય રાજકીય ગણિત હોય છે અને અહિયાં પણ આવી કોશિશ થઈ પણ ખરી. ઓબવિયસલી ટીવીની ભાષામાં 'રેસમાં આગળ ચાલી રહેલા' નીતિનભાઈ તો શનિવારથી જ પોતાનો બાયો-ડેટા પોતે જ રજૂ કરતાં હતા અને પક્ષ માટે શું શું કર્યું એના ગુણગાન ગાતા હતા તો બીજી તરફ ઘણા પૂર્વ મંત્રીઓ નારાજ છે અને એમના સમર્થનમાં ટેકેદારો પક્ષને નુકશાન થશે એવા મોરચા પણ ખોલીને બેઠા હતા, જ્ઞાતીના નામે પણ દબાણ બનાવવાના સમાચારો આવવા લાગેલા. મામલો સંગીન તો હતો જ પણ ભાજપે મન મનાવી લીધેલું અને અંતે ૧૫ તારીખે પોસ્ટપોન થયા પછી ૧૬ મી એ ટોટલી નવા સભ્યો સાથેના મંત્રીમંડળે શપથ પણ લઈ લીધા અને ઘી ના ઠામ માં ઘી પડી ગયું – એટલિસ્ટ અત્યારે તો એવું લાગે છે. આમેય એક શિસ્તબદ્ધ પાર્ટી તરીકે ભાજપની આ ખાસિયત રહી છે અને મોદી-શાહ એ સારી રીતે જાણે છે કે કમળનું નિશાન કાફી છે નહીં કે વ્યક્તિ અને આ વાત વિદ્રોહનો અવાજ ઉઠાવવાની ટ્રાય કરનાર